Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૩૨ · તા. ૦૨ થી ૦૮ ઑગસ્ટ ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

યુવા કેન્દ્રી સમાજ જીવનનો નવો અધ્યાય શરૂ : યુથ એમ્બેસેડર એક્સચેંઝ પ્રોગ્રામને સારો પ્રતિસાદ. તા. ૧૫, ૧૬, ૧૭ ઑગસ્ટના સેંકડો જ્ઞાતિ યુવાનો અન્ય વિસ્તારના જ્ઞાતિજનોને ત્યાં રહી તેમની જીવન શૈલીનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવશે તથા ત્યાંના મહાજનોના આયોજનોમાં સહભાગી થશે.



સમસ્ત કચ્છી દશા
ઓસવાલ જૈન મહાજન
અને ક.દ.ઓ. મંડળ
ડોંબિવલી દ્વારા
જૈન લઘુમતી સેમીનાર
રવિવાર તા. ૨૭.૭.૨૦૧૪




KHUSHALSHAH GROUP OF COMPANIES

DRL LOGISTICS PVT. LTD.

Move Logically...

DHARAMSHI HOLDING & DEVELOPERS PVT LTD

DHARAMSHI RESORTS PVT LTD

Resort Address: 30th K.M Bangalore-Kunigal Road, N.H. 48, Nelamangala-562 123
Phone: 080- 2770 0257- 2770 0263, Mobile: 9844002300, 7353202300, 7353102300
Email: dharamshiresorts@gmail.com, Website: www.dharamshiresorts.com

DHARAMSHI RESORTS

R.K. LOGISTICS R.K.DEVELOPERS

Khushalchand D Shah, Mobile:09844002300/ 09449053053

H.O. No. 33, Komal Mansion, M.T.B. Road,
Near Minerva Circle, Bangalore-560 002
Tel: 080-22238181/81/83, 22298181/82/83, Fax: 080-42060613
Email: bangalore@drllogistics.com, Website: www.drllogistics.com
Rahul Khushal Dharamshi, Managing Director : Mob: 09844009008

R.O. No. 77/80, Pranav Chambers, Unit No. 2, Sector 19/C,
Vashi, Navi Mumbai-400 705
Tel: 022- 2783 8266-8255 Fax: 022-27839008
Email: mumbai@drllogistics.com, Websie: www.drllogistics.com
Mehul Khushal Dharamshi, Director : Mob: 09320409008

Trust us to move logically-Full Load Accepted all over India-50 Years in Transport
DRL is pioneer in Transport Industry, Despatch your goods through DRL Logistics Pvt Ltd

## તેરા મધ્યે ટાઉનશીપમાં

### આધુનીક સુવિધાવાળું ઘર

# જયોતિ રેસીડેન્સી

(મહાજન વાડીની બાજુમાં)




**૭૫૩ સ્કે.ફિટ (બિલ્ટઅપ)**

**1BHK (એટેચ)**

:: સુવિધા ::

આકર્ષક સીકયુરીટી ગેટ

સોફાસેટ • પલંગ

ડાયનિંગ ટેબલ

ડ્રેસીંગ ટેબલ • લાઈટ • પંખા

તમામ ફર્નિચર સહિતની સુવિધાથી સજજ

## ઘર

ભાવ રૂા.૧૨૫૧ સ્કે.ફિટ

તુરત સંપર્ક કરો (માત્ર એક જ ઘર બાકી)

**અનિલ વી. શાહ** (ભુજ-કચ્છ)

**M.98250 50629**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 32/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# મહાજનવાડી એટલે બહુ અતિઆધુનિક મકાન નહીં પણ સમાજ જીવનનું કેન્દ્ર

સમાજનો અર્થ છે સરખા આચાર - વિચાર અને જીવન શૈલીવાળા લોકો તેમજ તેમણે એ જીવનશૈલી ટકાવવા અને વધુ સમૃધ્ધ બનાવવા બનાવેલી સંસ્થાઓ.

જ્યાં સુધી બધા ભારતીય સમુદાયોનો સવાલ છે તેમણે પોત પોતાની વિશિષ્ટ જીવન શૈલી ટકાવવા રચેલી કેન્દ્રીય સંસ્થા એટલે પંચાયત જેને અમુક સમુદાયો મહાજન તરીકે ઓળખે છે.

આ મહાજન વારંવાર ભેગું મળતું હોય અથવા જ્યાં તેમનો સંપર્ક કરવા માટેની વ્યવસ્થા હોય ઉપરાંત જ્યાં સમાજ ધાર્મિક સામાજિક પ્રસંગો ઉજવતો હોય, સમાજના પરિવારો જ્યાં લગ્ન પ્રસંગજેવા શુભ પ્રસંગો કે મૃત્યુ પછીના વહેવારોનું આયોજન કરતા હોય તે સ્થળ એટલે મહાજનવાડી કે સમાજવાડી.

ઓસવાલોએ ઓસપ્રાંત (આજના જોધપુર આસપાસનો વિસ્તાર)થી સ્થળાંતર કરી કચ્છમાં આશરે પાંચ સો વર્ષ સ્થિરવાસ કર્યો તે પહેલાં મહાજનવાડીની વ્યવસ્થા કેવી હશે એની નિશ્ચિત ખબર નથી પણ આશરે સવા બસો વર્ષ પહેલાં મુંબઈમાં આવી કચ્છી દશા ઓસવાલો સમૃધ્ધ બન્યા તે પછી કચ્છના ગામોમાં અને મુંબઈમાં કેવા પ્રકારની વ્યવસ્થા છે તેનાથી આપણે સારી રીતે પરિચિત છીએ. દેશાવરમાં આવી મહાજનવાડી ઊભી કરવાનું શક્ય ન હોય ત્યાં સમસ્ત જૈન સમાજ કે કચ્છી જૈન સમાજ સાથે મળી દાદાવાડી કે સૌથી વધુ સમૃધ્ધ સમાજની વાડીથી કામ ચાલવી લેવાય છે.

વિવિધ વિસ્તારોમાંથી મુંબઈ વસેલી બધી જ્ઞાતિઓ પોતાની મહાજનવાડી ઊભી કરી શકી નથી પણ જે જ્ઞાતિઓ ઊભી કરી શકી છે તે પોતાના સમાજજીવનને વધુ સમૃધ્ધ બનાવી શકી છે.

આવી ભાગ્યશાળી જ્ઞાતિ - મુંબઈમાં સ્થાયી થઈ સમૃધ્ધ થયા બાદ તરત જ મહાજનવાડી બનાવવનાર સમાજમાં કચ્છી દશા ઓસવાલ સમાજનો સમાવેશ થાય છે.

જોકે નવાઈની વાત એ છે કે પૂરી સમૃધ્ધિ, સાનુકૂળતા અને સજ્જતા હોવા છતાં કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મુંબઈમાં પોતાને ક્યારેય પણ પોતાને સંતોષ થાય એવી મહાજનવાડી આપી શકી નથી.

મહાજનવાડી આરાધ્ય સ્થાનની પાસે હોય એ જરૂરી છે. પણ કદાચ અનંતનાથજી જિનાલય પાસે મહાજનવાડીને લાયક મોટી જગ્યા મેળવવાનું શક્ય નહીં હોય એટલે થોડેક દૂર ટનટનપુરા વિસ્તારમાં આશરે ૧૯.૦૦૦ ફૂટ જેટલી જગ્યા લેવામાં આવી.

આસપાસના વિસ્તારમાં ખોજા મુસ્લિમો વસતા હોય એવા વિસ્તારમાં મહાજનવાડી આવેલી હોવાથી, ઘણી તકલીફો સહન કરવી પડેલી. તે એટલે સુધી કે મહાજને દેવ દ્રવ્યમાંથી લોન લઈ વિક્ષેપ અટકાવવા એક

બાજુ દીવાલ ઊંચી કરવી પડી અને પછી દેવદ્રવ્યની એ લોન ન ચૂકવી શકાતાં વિવાદો અને આત્મગ્લાનિનો અનુભવ કરવો પડયો. સુધારાવાદી અને રૂઢિચુસ્તોની લડાઈમાં એક વખત તો મહાજનવાડીના વાસણોનું લીલામ પણ થયું.

આઝાદી પછી થોડો વખત એ મહાજનવાડી નિરાશ્રીતોને વાપરવામાં આપવામાં આવી તે પછી તેમને કાઢવા માટે વર્ષો સુધી જહેમત લેવી પડી.

એ પછી કોમી રમખાણોમાં તેને આગ લાગી હોવાથી તેથી કેટલાક ભાગો લાંબા સમય સુધી કામમાં ન લઈ શકાયા. સૌથી વધુ ખેદજનક વાત તો એ બની કે નામદાર આગાખાને પોતાના જમાતખાના મહાજનવાડી ના વિસ્તરણ માટે આ જગ્યા અનુકુળ હોવાથી અન્ય સાનુકુળ સ્થળે મહાજનવાડી બંધાવી આપવાની કે તે માટે નાણા આપવાની આપણી જ્ઞાતિને ઓફર કરી જેને સ્વીકારી શકાઈ નહીં. અન્યથા જ્ઞાતિ પાસે મુંબઈમાં સાનુકૂળ સ્થળે મોટી મહાજનવાડી હોત.

જ્ઞાતિના દીર્ઘદ્રષ્ટા આગેવાનોએ રહેઠાણ યોજના માટે કચ્છની આસપાસ મુલુંડ પર નજર ફેરવી પણ તેઓ જૈન એકતામાં માનતા હોવાથી સ્વતંત્ર મહાજનવાડી અને દેરાસર માટે ધ્યાન ન આપ્યું, જો આપ્યું હોત તો ખુબજ સારૂં થાત. અત્યારે ઘાટકોપરમાં જ્યાં ભાનુશાલીવાડી છે તે પ્લોટ પણ જ્ઞાતિ પાસે આવ્યો હતો પણ તે જમાનામાં ખાડી વિસ્તારમાં આવેલ એ પ્લોટ અંગે તે માટે અપાયેલા બયાનાના પૈસા પાછા લઈ લેવામાં આવ્યા અન્યથા જ્ઞાતિ પાસે ત્યાં મહાજનવાડી સાથે રહેઠાણ સંકુલ પણ હોત. એ ખુબ મોકાનું સ્થળ હોત અને જ્ઞાતિનું સમાજજીવન ઘણું સમૃદ્ધ બન્યું હોત.

દરમિયાન જ્ઞાતિએ ભાંડુપમાં સેનેટોરીયમ તરીકે મળેલા પ્લોટ પર મંદિર અને સેનેટોરીયમ વિકસાવી લીધા હતા તથા ત્યાં ૧૯૭૦ ના દાયકામાં અનંતસિદ્ધિ નામે રહેઠાણ સંકુલ અસ્તિત્વમાં આવતાં ત્યાનું નરશીનાથાને નામે બનાવેલ સભાગૃહ ખરાઅર્થમાં મહાજનવાડીની ગરજ સારવા લાગ્યું અને આજેય સારે છે.

અલબત્ત, અહીંનું રીડેવલ્પમેન્ટ કરવાનું છે અને અનંતછાયાની જેમ તેનું પણ વેચાણ જરૂરી ગણાશે તો કદાચ મહાજનવાડી બાબત વધુ એક પીછેહટ થશે.

ભાંડુપ અનંત સિધ્ધિનું રીડેવલ્પેમેન્ટ કરતી વખતે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જ્ઞાતિની જરૂરત પ્રમાણેની મહાજનવાડી બનાવે તથા અહીં થનારા વધારાના બાંધકામમાં કાંજુરમાર્ગના અનંતનાથ કોમ્પલેક્સમાં રહેતા જ્ઞાતિ જનોને પણ વસાવે તો ભાંડુપની મહાજનવાડી ખરા અર્થમાં મહાજનવાડી બને.

આવી સાનુકુળતા કરી આપવા બદલ ડેવલપરને અત્યારે કાંજુરમાર્ગ, અનંતનાથજી કોમ્પલેક્સમાં ત્રણ મકાનોજયાં ઊભા છે એ (જ્ઞાતિએ શૈક્ષણિક સુવિધા વિકસાવવા બાકી રાખેલા પ્લોટ સિવાયનો) પ્લોટ સાટામાં આપી શકાય. જોકે જ્ઞાતિ આગેવાનો છેલ્લા દાયકામાં કંઈક અલગ રીતે વિચારી રહ્યા છે.

આ તબક્કે ડોંબિવલીના જ્ઞાતિજનોની છેક ૧૯૮૨ ની ત્યાં દેરાસર અને મીની હોલ બાંધવાની માંગણીનો ઉલ્લેખ કરવો જરૂરી ગણાશે. એ વાત ખરી કે જો ૧૯૯૫ સુધી સ્વતંત્ર રીતે કે વીસા ઓસવાળ સાથે મળીને આ દિશામાં વિચારાયું હોત તો એ શક્ય હતું પણ હવે સ્ટેશનથી એક દોઢ કિ મિના અંતર સુધીમાં. આવા પ્લોટ પણ ઉપલબ્ધ ન હોવાથી એ બાબતના વચન કોઈએ આપ્યા હોય તો પણ પાળવા મુશ્કેલ છે. હોપ ૧૦૦૦માં હોલ થશે જરૂર પણ ત્યાં મહાજનવાડી બનાવવાની પણ યોજના થશે કે કેમ તેતા પર હાલ તો પ્રશ્નાર્થ છે. નહીં બની શકે.

હાલની સ્થિતી જોઈએતો સાતેક વર્ષ પહેલાં પ્રતિકુળ મુસ્લિમ વિસ્તારમાંની મહાજનવાડી નવી મહાજનવાડી અંગે આયોજન કર્યા વગર વેચી નાખવામાં આવી છે.

પરંપરાની દ્રષ્ટિએ જોઈએ તો અનંતનાથજી જિનાલયની આસપાસના મકાનો રીડેવલ્પમેન્ટ કરી ત્યાં શ્રી કાનજી વિશનજી પાલાણી નામે મહાજનવાડી બનાવી શકાય છે. જો એમ થાય હોત તો એ વિસ્તાર તરફ ફરીથી લોકોનું ધ્યાન વાળી શકાશે.

પણ એ વિસ્તારમાં આવેલો અન્ય એક દેરાસરને ય વ્યવહારિક રીતે કચ્છી દશા ઓસવાળોને સોંપી

દેનારા કચ્છી વિસા ઓસવાળની જેમ કચ્છી દશા ઓસવાળોની મુબંઈની નવી આગેવાની એ વિસ્તારને વધુ કાંઈ કરવા અંગે પ્રતિકૂળ માનતી લાગે છે. પરંતુ આખી જ્ઞાતિને પૂછયા વિના આ વિસ્તારને તરછોડી દેવાનો નિર્ણય લઈ શકાય નહીં.

આ વર્તમાન સંચાલકોએ જ્ઞાતિમાં ભળી ગયેલ નાની ન્યાતના નામે ઓળખાતા જુથે મૂળ પ્રવાહમાં ભળતા પહેલાં વિચારેલ ઐરોલીમાં મહાજનવાડી બનાવવાના કાર્યક્રમને આગળ વધાર્યો છે. પરંતુ તેમાં કેટલી પ્રગતિ થઈ છે તે વિષે શંકા - કુંશકા પ્રવર્તે છે.

જોકે જ્ઞાતિજનો ઐરોલીમાંના એ અતિ આધુનિક મકાનોને માત્ર હોલ માનશે કે મહાજનવાડી એ વિચારણીય પ્રશ્ન છે.

જો મહાજનવાડી એટલે જયાં સતત પ્રવૃતિ થતી હોય અને જેનાથી જ્ઞાતિની અસ્મિતા વ્યક્ત થતી હોય તેવું સ્થાન એમ માનીએ તો ઘાટકોપર એ સૌથી મોકાનું સ્થાન ગણાય કેમકે તે મુંબઈ નવી મુંબઈ, શીવરીની સામે બનનારા વધુ એક નવી મુંબઈ તથા થાણા શહેરી વિસ્તાર મળીને બનનાર મેગાસીટીનું તે કેન્દ્ર હશે.

અહીં પણ જ્ઞાતિ પાસે વીરજી લધાભાઈ બોર્ડીંગની જગ્યા છે, જેનું રીડેવલ્પેમેન્ટ થઈ રહ્યું છે.

બોર્ડીંગમાં રહેનારાછાત્રોની સંખ્યા ખૂબજ મર્યાદિત થઈ ગઈ હોવાથી અહીં સાથે વ્યાપારી રીતે આપવાનું બાંધકામ કરી રાહતના દરે ભણવા રહેવાની તથા બીજી સુવિધા આપી શકાય તેવું આયોજન થયું છે.

આ આયોજન અત્યારે બે માળા સુધીનું માળખું ઊભું થઈ ગયું હોય ત્યાં સુધી પહોંચી ગયું છે એટલે ત્યાં મહાજનવાડી બનાવવાનું શક્ય નથી પણ અમુક માળે હોલ રાખવાનું શક્ય છે. તે જો રાખવામાં આવે તો તે પણ બોર્ડીંગ જ્યારે ચાલુ હતી ત્યારે નીચે કાર્યક્રમો થતા હતા તેમ મીની મહાજનવાડીની ગરજ સારે તેમ છે.

સમાપનમાં કહેવાનું કે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મુંબઈમાં વહેલી વસેલી તથા વિવિધ જગ્યાઓએ મિલકત ધરાવતી જ્ઞાતિ છે. તેણે મહાજનવાડી બાબત વ્યવસ્થિત આયોજન કરી પોતાના સમાજ જીવનનું એવું કેન્દ્ર ઊભું કરવું જોઈએ કે સમાજજીવન વધુને વધુ સમૃધ્ધ થતું જાય.

**- ચંદ્રસેન મોમાયા**


જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

**શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઈ**

Like us on f : www.facebook.com/shreekdostudentsassociation

60 Shree KDO Students Association

Estd. 15th August 1954

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘના ૬૧મા સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે

**EYE CHECK-UP CAMP** with Super Eye Specialist/Surgeon

શુક્રવાર, તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ સમય : સવારે ૯.૦૦ થી બપોરે ૩.૦૦ સુધી

રજીસ્ટ્રેશન ફી ₹50

SAARTH NETRALAY
SUPER SPECIALITY EYE HOSPITAL

**Dr. Sachin M. Fegde**
MS, DNB, FRCS (Glasgow), MNAMS, FVRS
Fellow of Vitreoretinal Surgery, Belgium
Fellow of International Council of Ophthalomlogy, U.K.,
Consultant Vitreoretinal Surgeon

VENUE
**SAARTH NETRALAY**
102, Gautameshwar Dham,
Tandan Road, Ramnagar, **Dombivli (E).**
Tel.: 0251-2862986, 2862786
Email : info@saarthnetralay.com

| | | |
|---|---|---|
| સંપર્ક | કાંજુરમાર્ગ – કુ. પુજા નીતીન લોડાયા (8286361451) | ડૉંબિવલી – કુ. મિત્તલ રતીલાલ નાગડા (9619693691) |
| | ભાંડુપ–શ્રી તેજસ મહેન્દ્ર ખોના (8097466424) | મુલુન્ડ – કુ. એકતા ઉદયન લોડાયા (9769502277) |
| સૌજન્ય | થાણા– કુ. ઉર્વી નીરેન લોડાયા (9757422880) | અન્ય વિસ્તાર – શ્રી હેમિલ જયેશ દંડ (9819985339) |

MOTA

માનવ જ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ (મુલુન્ડ) | માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપર ગઢવારી)

માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર (વરાડીયા)



## અચલગચ્છ પરિચય ભાગ - ૪ નવીગચ્છ વ્યવસ્થા
### અચલગચ્છ સંઘના પ્રથમ પ્રમુખઃ નારાણજી શામજી મોમાયાના સંઘના બીજા અધિવેશન વખતના પ્રવચન પર આધારિત શ્રેણી

શ્રી જિનેન્દ્રસાગરસૂરિજીના અનુગામી તરીકે કોઈની પણ નિયુક્તિ ન થતાં શ્રી પુજ્યોનો ગચ્છ પરના નેતૃત્વનો અંત આવ્યો. આ વખતે ગચ્છ કચ્છ હાલાર દેશોધ્ધારક મુનિમંડલ - અગ્રેસર શ્રી ગૌતમસાગરજી મહારાજે સુવિહિત માર્ગ પર પુન. પ્રસ્થાન કર્યું. અને સંવેગી સાધુ - સાધ્વીનો વર્ગ ઊભો કર્યો. સં. ૨૦૦૯ના વૈશાખ સુદિ ૧૩ ના તેઓશ્રી ભૂજમાં દેવગત થયા. આ રીતે પૂ. ગૌતમસાગરજી મહારાજ નવી ગચ્છ વ્યવસ્થાના અગ્રણી બન્યા.

વિ. સં. ૨૦૧૦ માં મુંબઈ મધ્યે શ્રી અચલગચ્છ (વિધિપક્ષી) ઉત્કર્ષ સંઘ સમિતિની સ્થાપના થઈ અને તેની વિનંતીથી પ. પૂ. દાનસાગરજી મહારાજ તથા પ. પૂ. ગુણસાગરજી મહારાજ શિષ્ય સમુદાય સાથે મુંબઈ પધાર્યા. વિ. સં. ૨૦૧૨ માં શ્રી સંઘે તેઓશ્રીને મહોત્સવપુર્વક આચાર્યપદવી અર્પણ કરી અને તે જ વખતે કચ્છ સુથરીમાં પ. પૂ. શ્રીનેમસાગર માહરાજને પણ આચાર્યપદથી વિભૂષિત ક્યા. આ રીતે ત્રણ આચાર્ય ભગંતોની વિદ્યમાનતાથી શ્રી સંઘમાં ઘણો આનંદ પ્રવર્તાઈ રહ્યો. પરંતુ સં. ૨૦૧૭માં પુજ્ય પુજ્ય આચાર્ય શ્રી દાનસાગરસૂરીશ્વરજી મહારાજનો અને સં. ૨૦૨૨માં પુજ્ય આ. શ્રી નેમસાગરસૂરીશ્વરજીનો કાળધર્મ થતાં. સંઘે ઊંડો આઘાત અનુભવ્યો. પ. પુ. ગૌતમસાગરજી મહારાજે સંવેગી સાધુ - સાધ્વીઓનો સમુદાય વધાર્યો. તેથી ગચ્છના અભ્યુદયની આશા બંધાણી હતી પણ તે આપણા કમનશીબે ફલીભૂત થઈ નહિ. વધારે સ્પષ્ટ કહું તો સાધુ - મુનિવરો વચ્ચેના મતભેદથી ગચ્છનો વિકાસ રુંધાઈ ગયો હતો અને તેની અસર શ્રાવક - શ્રાવિકા પર પણ સારા પ્રમાણમાં થઈ હતી.

એવામાં હંસવિજ્ય નામના એક વેશધારીએ ગઢશીશામાં પ. પૂ. કલ્યાણસાગસૂરીશ્વરજીની પ્રતિમા તોડી પાડી અને બીજી પણ કેટલીય પ્રતિમાઓનો નાશ કરવાની ધૃષ્ટતા કરી. આથી સંઘમાં હાહાકાર મચી ગયો અને આચાર્ય ભગંતે ૬૦ ગામોને સંગઠિત થઈ આ પરિસ્થિતિનો સામનો કરવા પત્રો લખ્યા. પરિણામે શ્રી બાબુભાઈ જાદવજી ધીવાલા તથા મારા પુત્ર કુલીનકાન્તે એનો સામનો કરવા બાથ ભીડી અને એ વેશધારી પર ફોજદારી કામ ચાલ્યું. બીજી બાજુ આપણા કચ્છના આગેવાનોને ભેગા કરી લાયજા મુકામે એક નાનું સંમેલન કરવાની હિલચાલ થઈ, પણ વધારે વિચાર કરતા મુંબઈ અચલગચ્છ (વિધિપક્ષ) ઉત્કર્ષ સાધક સંઘ સમિતિના ઉપક્રમે શ્રી ભદ્રેશ્વર તીર્થમાં અખિલ ભારતના ધોરણે ચતુર્વિધ શ્રી સંઘનું અધિવેશન ભરવાનું નક્કી થયું.

આ રીતે વિ. સં. ૨૦૧૪ના વૈશાખ વ. ૫. તા. ૧૭.૫.૬૮ના શ્રી ભદ્રેશ્વર મુકામે અખિલ ભારત અચલગચ્છીય ચતુર્વિધ જૈન સંઘનું અધિવેશન પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસુરીશ્વરજીની અધ્યક્ષતામાં ત્રણ દિવસ માટે ભરાયું.

આ અધિવેશનમાં શ્રાવક - શ્રાવિકા સંઘનું પ્રમુખસ્થાન ઉત્કર્ષ સાધક સંઘ સમિતિના આગેવાનોના આગ્રહને વશ થઈ મેં સ્વીકાર્યું અને આજે અગિયાર વર્ષથી એ સ્થાન સંભાળી રહ્યો છું. દરમિયાન જે કાર્યવાહી થઈ છે, તેનો ખ્યાલ આપને આપી દઉં.

અધિવેશનમાં અનેક ઠરાવો થયા. તેનો અમલ કરવા માટે શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની સ્થાપના થઈ અને તેના સભ્યપદની ફી તરીકે દોઢેક લાખ રૂપિયા એકઠા થયા. આ સંઘનો કારોબાર ચલાવવા માટે એક - હોક કમિટીની નિમણુક થઈ. સંઘનું બંધારણ ઘડાયું અને તે મુંબઈના ચેરીટી કમિશનર પાસે રજિસ્ટર કરાવવામાં આવ્યું.

૧. આજ વરસે કચ્છમાં કારમો દુષ્કાળ પડતાં શ્રી સંઘની વ્યવસ્થાપક સમિતિ તથા ટ્રસ્ટી મંડળે નાટકના આયોજન દ્વારા અઢી લાખ રૂપિયા એકઠા કર્યા અને ૧૯૬૮ માં અમે કચ્છના ગામેગામ ફરી સેંકડો કુટુંબોને ચાર મહિના સુધી આર્થિક સહાય આપી સાધર્મિક ભક્તિ કરી.

સને ૧૯૭૩ માં કેટલાક ભાગોમાં દુષ્કાળની પરિસ્થિતી સરજાતાં અમારી પાસે રકમ વધેલી હતી તે તથા ભગવાન ૨૫૦૦ નિર્વાણ મહોત્સવ સમિતિ તરફથી રૂા. પચાસ હજારની રકમ મેળવી બે માસ સુધી સાધર્મિક ભક્તિ કરી હતી. ટૂંકમાં આ અગિયાર વર્ષ દરમિયાન ત્રણવાર દુષ્કાળના પ્રસંગો આવ્યા અને તે ત્રણેય વખતે અમો અમારાથી બનતા પ્રયત્ને સાધર્મિક ભક્તિ કરવાની તક ઝડપી લીધેલી છે.

(ક્રમશઃ)

।। શ્રી આદિનાથાય નમો નમઃ ।।



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાંયરા તિર્થ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોનઃ ૦૨૮૩૧-૨૮૩૧૮

## સાંયરા તિર્થે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના માટે ભાવભર્યું આમંત્રણ

માદરે વતનના નૈસર્ગિક શાંત રમણીય વાતાવરણમાં તિર્થભૂમિ સાંયરા ગામે પર્યુષણ પર્વ **તા. ૨૨-૮-૨૦૧૪ થી તા. ૩૧-૦૮-૨૦૧૪**માં ધર્મની આરાધના કરવા સર્વ સાંયરાવાસી, નિયાણી બહેનો સહપરિવાર સહીત સકલ સંઘ અને દેશાવર/બહારગામ વસતા સાંયરાવાસીઓને વિશાળ સંખ્યામાં સાંયરા તિર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં સંપૂર્ણ ૧૦ દિવસના સાધર્મિક ભક્તિના દાતાશ્રી**

**શેઠશ્રી રતનશી કુંવરજી લોડાયા હસ્તે માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા** એ લાખેણો લાભ સહર્ષ લીધેલ છે.

**ભાદરવા સુદ ૩, ગુરુવાર, તા. ૨૮-૦૮-૨૦૧૪ના મહાકાલી માતાજીની ભક્તિમય ભાવનાના દાતાશ્રી**

**માતુશ્રી જયાબેન દિનેશ મેઘજી પટેલ પરિવારે** લાભ લીધો છે.

**મહાકાળી માતાજીની ભાવના બાદ અષ્ટપ્રકારી પુજાના વાર્ષિક ચડાવાનો આદેશ આપવામાં આવશે.**

**સમય : બપોરના ૩.૦૦ થી સાંજે ૫.૦૦ કલાકે.**

### પર્યુષણ પર્વમાં શ્રી સંઘ પુજનના દાતા

**માતુશ્રી ગુણવંતીબેન હીરાચંદ ચત્રભુજ લોડાયા હસ્તે વૈશાલી અને રચના શાહ** એ લાભ લીધો છે.

### ભક્તામર પૂજન લક્કી ડ્રોના દાતાશ્રીઓ

૧) માતુશ્રી દમયંતીબેન દામજી નરશી મોમાયા (જામનગર)
૨) માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા (માટુંગા)
૩) માતુશ્રી રતનબાઈ ખીમજી મોમાયા (ડોંબીવલી)
૪) માતુશ્રી હીરબાઈ વીરચંદ રતનશી ધરમશી (ડોંબીવલી)
૫) શ્રીમતી ચેતના બિપીન લક્ષ્મીચંદ મોમાયા (ઐરોલી)
૬) શ્રીમતી રશ્મીબેન મુલચંદ લાલજી મોમાયા (અમદાવાદ)
૭) ચિ. વિશેષ મયુર હીરાચંદ મોમાયા (જલગામ)
૮) એક સદ્‌ગૃહસ્થ

### પર્યુષણ પર્વમાં પ્રભાવના ના દાતાશ્રીઓ

૧) માતુશ્રી ગંગાબાઈ લીલાધર નરશી મોમાયા (માટુંગા)
૨) શ્રીમતી કલ્પનાબેન વિજય લીલાધર મોમાયા (માટુંગા)
૩) માતુશ્રી સુશીલાબેન રતનશી સોની (ચિ. નુતનના જન્મદિવસ પ્રસંગે)
૪) સ્વ. શ્રી રમેશ માણેકજી શામજી લોડાયા (મસ્જીદ બંદર)
૫) માતુશ્રી કાંતાબેન મણીલાલ હંસરાજ મૈશેરી (મઝગામ)
૬) માતુશ્રી ધનબાઈ શામજી વીરજી ખોના (ઘાટકોપર)
૭) માતુશ્રી લીલાવંતી નારાણજી નરશી ધરમશી (મુલુંડ)
૮) માતુશ્રી ગંગાબાઈ લધાભાઈ દેવરાજ મોમાયા (ડોંબીવલી)
૯) શ્રી જવેરચંદ કેશવજી દેવશી લોડાયા (ડોંબીવલી)
૧૦) કુ. સેજલ/દર્શના મુલચંદ લાલજી મોમાયા (અમદાવાદ)
૧૧) માતુશ્રી સારબાઈ હીરજી શિવજી ખોના (વડોદરા)
૧૨) શ્રીમતી રેખા પરેશ જવેરચંદ લોડાયા (મુલુંડ)
૧૩) શ્રીમતી ગીતાબેન કીરીટ કુંવરજી લોડાયા (ડોંબીવલી)
૧૪) શ્રીમતી પ્રિયા દેવેન્દ્ર રતિલાલ મોમાયા (ડોંબીવલી)
૧૫) શ્રીમતી ચેતના બિપીન લક્ષ્મીચંદ મોમાયા (ઐરોલી)
૧૬) માતુશ્રી હીમાબાઈ ટોકરશી શામજી સોની
હસ્તે શ્રીમતી વિણાબેન કાંતીલાલ સોની (મુલુંડ)

**ભાદરવા સુદ ૬, તા. ૩૧-૦૮-૧૪ ચૈત્યપરિપાટીના દાતાશ્રી :** માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર

**ભાદરવા સુદ ૭, તા. ૧-૦૯-૧૪ ચૈત્યપરિપાટીના દાતાશ્રી :** માતુશ્રી કસ્તુરીબાઈ મેઘજી વેલજી લોડાયા પરિવાર

**ભાદરવા સુદ ૮, તા. ૨-૦૯-૧૪ ચૈત્યપરિપાટીના દાતાશ્રી :** શ્રીમતી પ્રેમીલાબેન પદમશી કુંવરજી લોડાયા પરિવાર

### ચાતુર્માસ દરમ્યાન એકાસણાના દાતાશ્રી

**માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા** એ લાભ લીધો છે.

સાંયરા નગરે રૂડા આનંદ છવાયા... દાતાશ્રીઓ લીધા લાભ સવાયા.....

**શ્રી ક.દ.ઓ. જૈન સાંયરા મહાજન સર્વે દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.**

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાંયરા : ચાર્તુમાસ કમિટી

**શ્રી વાલજી હીરજી ખોના - ૦૯૮૨૦૪૩૮૭૮૪  શ્રી રતિલાલ ધ્રોળ : મો. નં. ૦૯૮૨૦૮ ૬૫૮૦૬**

**શ્રી દિનેશ મેઘજી પટેલ - ૦૯૮૨૦૬૭૮૦૫૧  શ્રી હીરાચંદ ચત્રભુજ શાહ - ૦૯૮૧૯૧૭૦૮૭૦**

UPASANA-9820167767

## સ્વામિભક્તિના સ્વસ્તિક!!!




સાંઘવ ગામ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી મુંબઈની સામાજીક, ધાર્મિક, વૈદકીય અને શૈક્ષણીક ક્ષેત્રે સુકૃતના સેંકડો સ્વસ્તિકો સર્જનાર માતૃહૃદયા આદરણીય શ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા પરિવારે ઈ. સ. ૧૯૯૯ થી અત્યાર સુધી પંદર પંદર વરસથી અખંડ પણે ચૈત્ર માસની શાશ્વતી ઓળીના સંપુર્ણ લાભાર્થી રહી શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપમાં અહોભાવના આસને બીરાજીત થતાં અત્યાર સુધી અંદાજે ૫૫૦૦ થી ૫૮૦૦ આયંબીલમાં નવ પદની સંપુર્ણ ઓળીએ અંદાજે ૪૦૦૦ તપસ્વીઓએ સિધ્ધચક્રની આરાધના આરાધી, અરિહંતના આરાધક થયા છે! જિનધર્મના ઉત્થાન, સંસ્કરણ અને સવર્ધનમાં લોડાયા પરિવારનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે!

એટલું જ નહીં, ઠેઠ દાદરથી ઓળી દરમ્યાન બે ચાર વખત પરિવારના સભ્યો સાથે આવી પુછા કરે. પીરસે! અને અંતે ઉછળતા. ઉભરતા ભાવે શ્રમણીને વહોરાવી પ્રભાવક પ્રભાવના કરી શક્તિ અને ભક્તિની જુગલ બંધીએ - ના હિસાબના કિતાબ! ના ઝંઝટ કેના માન ! બસ કહો રકમ કેટલી થઈ? અને હાથ જોડી કરૂણાના કહેણ કહે કે આપના ઉપકારી છીએ કે અમને કેટલી મોટો લાભના લાભાર્થી બનાવ્યા? આ લાભ અમને જ આપજો ભલા.

બસ એજ રીતે પંદર વરસથી નવા વરસની નવલી પ્રભાતે ગૌતમ સ્વામીના રાશ વાંચન અને આદિનાથ દાદાના દરબારનું આરોધન થાય તે સાથે સંઘના ૨૩૦થી ૨૫૦ પરિવારોને શુકનવંતી લ્હાણીએ શ્રીફળ, ગોળ ભીલ્લી, મગ, ઘાણાની લગભગ (૫૦ થી રૂા. ૭૦ની કિમંતની) શુભેચ્છાનું ગુલાલ ઉડાડે.

એમને મળોને મોકળાશ અને હૈયાની હળવાશ થાય. લોડાયા પરિવારના કર્મયોગની પ્રત્યેક ક્રિયા પ્રાણવાન રહી છે.

સ્વામી ભક્તિના સાથીયા સમા લોડાયા પરિવારની ભક્તિએ ઝુકી તો જવાય ને?

*- લહેરચંદ વેલજી મૈશેરી*
*ભાંડુપ*

## સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન અને ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા જૈન લઘુમતી સેમીનાર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન અને શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા રવિવાર તા. ૨૭.૭.૧૪ ના બપોરે માધવાશ્રમ હોલ - ડોંબિવલીમાં જૈન - લઘુમતી વિષયે એક પરિસંવાદનું આયોજન થયું હતું.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા, સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મેઘજી મોતા, ટ્રસ્ટીશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા, શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા તેમજ શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબવિલીના પ્રમુખ શ્રી રાયચંદભાઈ જીવાણી, ઉપપ્રમુખ શ્રી અજયભાઈ શીયાડ, સેક્રેટરી શ્રી હરીશ શીયાડ, ભુપેન્દ્રભાઈ ડાઘા, ચેતનભાઈ નાગડા, વિશ્વજીત લોડાયા તથા સાથી કાર્યકરો દીપ પ્રાગટ્યમાં જોડાયા હતા.

જૈન માઈનોરીટી સેમીનારના મુખ્ય વકતા મા. શ્રી આસીફ હકીમે વિસદ જાણકારી પોતાની આગવી પણ સરળ શૈલીમાં આપી હતી.

૭૦ જેટલા જ્ઞાતિજનોએ રસપુર્વક એકાગ્રતાથી શ્રવણ કરી પ્રશ્નોતરીના દોરમાં વિભિન્ન પ્રશ્નો દ્વારા અનેકવિધ મહત્વની માહિતી મેળવી હતી.

શ્રી આસીફભાઈએ સ્પષ્ટતા કરી હતી કે મહારાષ્ટ્રમાં તો વર્ષોથી આ માઈનોરીટી અમલમાં છે જ, પણ હવે કેન્દ્રીય સ્તરે જાહેરાત બાદ સમગ્ર રાષ્ટ્રમાં પણ એ અમલમાં આવેલ છે એ વાત જુદી છે કે અમલદારો આ વાતને ગણકારતા નથી. અને આપણને બહુ સહયોગ કરતા નથી.

બંને માહનુભાવોનો શાલ અને બુકે દ્વારા ટ્રસ્ટીઓના હાથે સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન અને આભારવિધી સેક્રેટરી શ્રી હરીશભાઈ શીયાડએ કરેલ.

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786

## પુત્રવધુ- સબંધ એક, સ્વરૂપ અલગ અલગ ભાગ - ૨

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (કોઠારા - સુરત) મો. ૦૯૯૭૮૯૦૩૨૪૭

પ્રકાશ સમીક્ષાના વર્ષ ૨૦૧૪ ના અંક ૨૪માં પ્રકાશિત આ શિર્ષકના લેખને ખુબજ સુંદર પ્રતિસાદ મેળેલ છે. તો જે કોઈ ભાઈ - બહેનોએ મને પ્રોત્સાહિત કરેલ છે તે સૌનો, આભાર માનું છું. કેટલાક પ્રતિભાવોના આધારે આ લેખ પ્રસ્તુત કરું છું.

સૌ પ્રથમ તો હૈદરાબાદ સ્થિત ભાઈશ્રી હંસકુમાર સાયલાએ તેમના અને તેમની પુત્રવધુનો ધાર્મિક વિષયમાં ગુરૂ - શિષ્યના સબંધમાં જે લખ્યું છે તે વાંચીને તેમના સબંધને વર્ણવા માટે ઉપયુક્ત શબ્દો છે **પવિત્ર રિશ્તા** શ્રી હંસકુમારભાઈ તો શ્રેષ્ઠ માનીને પોતાની પુત્રવધુને ગરૂનું ઉચ્ચ સ્થાન આપીને શિષ્યનું ઉતરતું સ્થાન પોતે લીધું, જે બદલ તેમને પ્રણામ. આ રીતે શ્વસુર અને પુત્રવધુના સબંધને એક નવી વ્યાખ્યા, નવું પરિમાણ અને શ્રેષ્ઠતમ ઉંચાઈ બક્ષી. આ કદાચ ધર્મ અને જ્ઞાનનો પ્રભાવ છે. વિદ્યા વિનયે શોભે તે આ વાકયને શ્રી હંસકુમારભાઈએ સાર્થક કરેલ છે. જીવનમાં ઉતારેલ છે તો આ ગુરૂશિષ્ય બન્નેને પ્રણામ.

આવો જ પવિત્ર રિશ્તાનો અન્ય પ્રસંગ મને મારા સ્વ. મોટાબેન કમલાબેન વિસનજી ખોનાએ ઘણાં વર્ષ પહેલાં કહેલ. પણ તે પ્રસંગ રજુ કરતાં પહેલાં તેની પ્રસ્તાવના જેવી એક ફિલ્મની વાતો ટુંકાણમાં રજુ કરું છે કેમકે તે તદન પ્રસંગોચિત છે. લગભગ ૪૦ - ૪૫ વર્ષ પહેલાં આ ફિલ્મ બહુબેટી આવેલ, જેમાં અશોક કુમારની પુત્રવધુ માલા સિંહાના પતિ જે ફોજમાં સિપાહી છે તેનું યુદ્ધમાં અવસાન થાય છે તો અશોક કુમર માલા સિંહા જે યુવાન વિધવા હતી તેને કોલેજમાં ભણવા માટે તૈયાર કરે છે. કોલેજમાં જોય મુખજીને માલા સિંહા પ્રત્યે પ્રેમ થઈ જાય છે અને તે અશોક કુમાર પાસે માલાસિંહાનો હાથ માગે છે. અશોક કુમાર માલાસિંહાને પોતાની


પહેલી વર્ષગાંઠ નિમિત્તે

જેન્યુન ડિસ્કાઉન્ટ

તા. ૫ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ ૨૦૧૪

અવસર સારીઝ

- કસબ/જીંક કસબ સાડીઓ
- કસબ ચણીયા ચોલી
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા
- બોર્ડરો
- બાંધણીઓ
- પાનેતર
- બાંધણી પંજાબી સુટ
- પટોળા

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
સાધના હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.
Tel. No. 2416 4239

દિનેશ દેઢિયા 92234 25676
ભાવિન દેઢિયા 98197 23119



Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા.

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

બેટી માનીને જોય મુખરજી સાથે તેના લગ્ન કરાવીને ફિલ્મના શિર્ષક બહુ બેટી' ને સાર્થક કરે છે. આ પ્રસ્તાવના પછી જ્ઞાતિમાં બનેલ આ વાસ્તવિક ઘટનાને રજુ કરું છું.

જ્ઞાતિના એક દંપતિએ પોતાના એક માત્ર પુત્રને રંગચંગે પરણાવ્યો પછી તે નવંદપતિ ફરવા માટે કુલુમનાલી (આ સ્થળ મારી સ્મૃતિના આધારે લખું છું) ફરવા જાય છે. જ્યાં એક ગમખ્વાર અકસ્માતમાં તેમના પુત્રનું કરૂણ અવસાન થાય છે અને પુત્રવધુને સાધારણ ઈજા થઈ. થોડા મહિના પછી તે સમજદાર દંપતિએ પોતાની યુવાન વિધવા પૂત્રવધૂ માટે લાયક પાત્ર શોધીને તેનું પૂર્નલગ્ન કરાવ્યું અને જે કરિયાવર એમની પુત્રવધુ લાવી હતી તેમાં બીજા પાંચ તોલા સોનું ઉમેરીને કચ્છીમાં લખું તો ધી કરેને પેણાયાં. આવા સમજદાર દંપતિને શત્ શત્ પ્રણામ.

થોડા દિવસ પહેલાં કોઈએ મને વોટ્સએપ પર સુંદર વાક્ય મોકલેલ હુન્નર તોસબ મેં હોતે હૈ કિસીકા છીપ જાતા હૈ, આમાં થોડા ફેર કરીને લખું છે કે અચ્છે કામ તો બહુત લોગ કરતે હૈં, કિસીકા બહુમાન હોતા હૈ ઔર કિસીકા નામ તક નહીં લીયા જતા, આ વાસ્તવિક જીવનમાં પુત્રવધુને પુત્રી તરીકે અપનાવવાનો કિસ્સો છે જે વાંચીને લખી શકાય કે સતકાર્યે ક્યારે ને ક્યારે પ્રકાશમાં આવે છે.

એક બહેને ફોન પર જણાવ્યું કે પ્રવિણભા, અમારી એક માત્ર સારું એવું ભણેલી નોકરી કરતી પુત્રવધુ ઘરકામમાં જરા પણ રસ નથી લેતી. ઘરનું બધું કામ હું, મારા મિસ્ટર અને કામવાળી કરે છે. પુત્રવધુને હરવા - ફરવાનો તથા આડોશપાડોશમાં ગપ્પા મારવાનો કે સામાજીક પ્રસંગોમાં હાજરી આપવાનું બહુ ગમે છે. મહિને દસ હજાર રૂપિયા આપીને પછી તેમાંથી તેની કારના પેટ્રોલ માટે, બ્યુટી પાર્લર માટે કે કપડાંની સિલાઈ, વગેરે માટે ૨ - ૩ હજાર લઈ લે તો આ પુત્રવધુ માટે તમે શું શબ્દ પ્રયોગ કરશો? મારા માટે તો આ પ્રશ્ન બાઉન્સર જેવો લાગ્યો છતાં. ૨ - ૩ મિનિટ વિચારીને જવાબ આપ્યો કે બહેન કદાચ આના માટે યોગ્ય શબ્દ કે નામ છે. પેઈંગ ગેસ્ટ! પુત્રવધુના આવા સબંધો પણ હોઈ શકે!

પુત્રવધુ સબંધે સૌથી કરૂણ અને વ્યથિત કરે તેવો કિસ્સો મારા એક મિત્રએ મને મારો લેખ વાંચીને કહ્યો. એના મોટાભાઈ વડોદરા રહે છે. તેના એકમાત્ર પુત્રની પત્નીને પોતાના પિયર તરફ બહુજ લગાવ. પુત્રવધુનું પિયર પણ વડોદરાની નજીકઅને રીક્ષા કરીને ૧૫ - ૨૦ મિનિટમાં પહોંચી જવાય તેને કોઈ પણ બહાનું મળતાં તે પોતાની પિયર જતી રહે. ઘણી સમજાવટ છતાં પણ ન તો તેમની પુત્રવધુ કે ન તો તેના પિયરિયામાં સમજ આવી તેના લીધે પુત્રવધુની સાસરિયા પ્રત્યેની ફરજોની ઉપેક્ષા થવા લાગી, તેથી કંટાળીને અંતે લગ્ન વિચ્છેદ એટલે કે છુટાં છેડાની વાત આવી ગઈ. ત્યારે પુત્ર અને પૂત્રવધુના સંતાનના કબજા માટેની વાત પણ નીકળી. પુત્ર ઈચ્છતો હતો કે તેનું સંતાન એટલે કે પુત્ર તેની પાસે જ રહે ત્યારે કટુંબના વડિલે કહ્યું કે પુત્ર જો તારી પાસે રહેશે તો ભવિષ્યમાં તારે ત્યાં પણ પુત્રવધુ આવશે અને જોઈતિહાસનું પુનરાવર્તન થાય તો આજે જે દુઃખ અને વિષાદ હું અનુભવું છું તે તું પણ અનુભવશે અને સમાજને વાતો કરવાની ફરીથી તક મળશે. તેવી બાળક અને કુટુંબના સર્વેના હિતને ધ્યાનમાં લઈને બાળકને તેની માતા પાસે રાખવો જોઈએ. દૂધનો દાજ્યોને છાસ ફૂંકીને પીએ, તે કહેવતને યથાર્થ ઠહેરાવતો આ પ્રસંગે છે.

કોઈ પણ લેખનો અંત સુખદ હોવો જોઈએ તેથી એક સુખદ પ્રસંગ કે ઘટનાનો ઉલ્લેખ કરું છું. મારા એક અત્યંત ગાઢ મિત્રના નાના ભાઈના જમાઈનું માત્ર ૪૨ વર્ષની ઉમરે હૃદય રોગના હુમલામાં અવસાન થયું. તેની પુત્રીને એક સંતાન હતું અને પતિના મૃત્યુ સમયે પણ તે ગર્ભવતી હતી. પરિવારમાં વૃદ્ધ સાસુ સસરા બીજું કોઈ નહીં. મારા સાધન સંપન્ન મિત્રના ભાઈની ઈચ્છા પુત્રીના પુનલગ્ન કરાવવાની હતી પણ તેની પુત્રીએ સાસરિયામાં રહીને વૃધ્ધ સાસુ સસરાની સેવા કરવાની ઈચ્છા દર્શાવી. તે પુત્રી એક સહકારી બેંકમાં નોકરી કરે છે અને ખરા અર્થમાં પુત્ર સમોવડી બની છે.

મેં અગાઉના લેખમાં લખેલ કે મનુષ્યના સબંધોના સમીકરણ ખુબજ અટપટા છે જે ગણિતના સમીકરણની જેમ સર્વસામાન્ય કે સાબિત થયેલા નથી. આ વાત માત્ર પુત્રવધુના સંબંધમાં નથી પણ બધા જ સંબંધોને લાગુ પડે છે. સબંધ એટલે સમાન બંધન તેમાં જરા ઉંચ નીચ થતાં સમતુલન જતું રહે છે તેથી આ લેખનું સમાપન કરતાં લખું છું કે

***જો બંધ તુટે તો ગામ તણાઈ જાય,***
***અને સબંધ તુટે તો પ્રેમ તણાઈ જાય...***




નમો જિણાણં

## ૮ માં વર્ષમા ભવ્ય પદાર્પણ

## ૯મું પર્યુષણ

# શ્રી કિશોર ભીમજી સંઘવી

## DIVINE SCIENTIFIC PRACTICAL

## સમ્યક્ પર્યુષણ અનુભવધારા



સાનિધ્ય
પ.પૂ.શ્રી પંકજભાઈ

પર્યુષણ એ નિર્ગ્રંથ બનવાનું મહાપર્વ છે. નિર્ગ્રંથ એટલે ગ્રંથીઓથી (મનની ગાંઠોથી) મુક્ત થવું, જીવનમાં જાગૃત ન રહેવાથી આવી ગાંઠો હર ક્ષણે બંધાયા કરે છે, અને એ જ આપણી હેરાનગતીનું કારણ છે. જાણતા કે અજાણતા આ ગાંઠો જ આપણું જીવન કલેશવાળું બનાવી દે છે અને જીવન જીવવું દુષ્કર બની જાય છે. આ જ કારણે જિન માર્ગમાં વર્ષ માં એક વાર પર્યુષણ મહાપર્વની ગોઠવણ છે.

આપણા જીવનમાં આવા કેટલાય પર્યુષણ આવ્યા અને ચાલી ગયા પણ આપણી દશા જેવી હતી તેવી છે, હર ક્ષણે આપણે હેરાનગતીથી મથીએ છીએ, પણ છુટાતું નથી. તો ચાલો, આપણે જોડાઈએ આ પર્યુષણના મહાયજ્ઞમાં અને જીવનને શાંત, સુખી અને નિરાકુળ બનાવીએ અને સ્વનો વિકાસ કરીએ.

**FREE બસ વ્યવસ્થા**

જૈન શાસનના ઈતિહાસમાં પાછું આવું ભવ્ય આયોજન ૮ માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. જ્યાં ભગવાને એમની હયાતીમાં જે રીતે practically અને scientifically નિર્ગ્રંથ બનવાની 6 STEPS OF DIVINE LIFESTYLE બતાવી છે, બિલકુલ એ જ રીતે આ પર્યુષણ અનુભવધારાનું આયોજન કરેલ છે. જ્યાં માત્ર સાંભળવાનું નથી પણ સમજણપૂર્વક (ON THE SPOT) નિર્ગ્રંથ બનતા શીખવાનું છે અને એને જીવનનું એક અંગ બનાવવાની METHOD શીખવાની છે. દરેક સેશનમાં (સત્રમાં) PRACTICAL જીવનમાં અમલ કરવાની METHOD, પ્રક્રિયાઓ અને યોગો શીખીશું.

**દરરોજ બંને ટાઈમ સ્વામી વાત્સલ્ય**

**આરાધકો માટે નવ દિવસ રહેવાની વ્યવસ્થા**

## કાર્યક્રમ નો રસથાળ

**દરરોજ (૯ દિવસ) સવારના સત્રમાં (સમય : સવારે ૯.૩૦ થી ૧)**

મહાવીર બનવાનો CONCEPT, ભક્તિ યોગ, દરરોજના જીવનના તપથી મુક્તિ, નવકારમંત્ર યોગ દ્વારા ભવિષ્ય બદલવાની Formula તત્વ સ્વરુપ,કર્મનું સ્વરુપ, સંવત્સરી IN DAILY LIFE

**દરરોજ (૯ દિવસ) બપોરના સત્રમાં (સમય : બપોરે ૨.૩૦ થી ૫.૩૦)**

૬ SCIENTIFIC PROCESS, જિન ભક્તિ યોગ દ્વારા દરેક SOLUTIONS, અરિહંત પરમાત્માની જીવનયાત્રા અને મારું જીવન, સ્થૂળ જગતનું સમ્યક્ દર્શન, પરમ લક્ષનું વિજ્ઞાન, ભેદ અભેદ યોગ

**દરરોજ (૯ દિવસ) સાંજે (સમય : ૭.૧૫ થી૧૦.૧૫) સંગીતમય SCIENTIFIC PRACTICAL પ્રતિક્રમણ, શાંતી પાઠ, આરતી તથા મંગળ દિવો**

**Live મહાવીર જન્મ મહોત્સવ - (સંગીત સાથે) તા.૨૬-૦૮-૨૦૪૩ મંગળવાર : સમય : સવારના ૧૦.૦૦ થી ૨.૩૦ : સ્વામીવાત્સલ્ય બપોરના ૨.૦૦ વાગ્યાથી**

ત્રિશલા માતા, સિધ્ધાર્થ રાજા, વર્ધમાન મહાવીર બનવાનો અમૂલ્ય અવસર
નૃત્ય સાથે ૧૪ સ્વપ્ન દર્શન
૬૪ ઈન્દ્ર-ઈન્દ્રાણી, ૫૬ દીક્કુમારી બનવાનો અમૂલ્ય અવસર



**FREE બસ વ્યવસ્થા - મુલુંડ, ઘાટકોપર,સાયન, સાંતાક્રુઝ, બોરીવલી, કાંદીવલી,મલાડ,ગોરેગામ થી**

**જાહેર આમંત્રણ**

સમસ્ત જૈન તથા અન્ય સમાજને ભગવાનના આ મહાયજ્ઞમાં ધર્મ, સંપ્રદાય અને વાડાબંધીની ગ્રંથિથી મુક્ત થઈને જોડાવાનું સહર્ષ ભાવભર્યુ આમંત્રણ છે.

**સ્થળ**

ઋતંભરા કોમર્સ કોલેજ, એમ. કે. સંઘવી હોલ,
જુહુ સર્કલ, જુહુ બસ ડેપોની બાજુમાં, ચંદન સિનેમા પાસે,
જે.વી.પી.ડી. સ્કીમ, જુહુ, મુંબઈ.(INDIA)

: સંપર્ક :

ડિમ્પલ શાહ — ૯૮૩૩૧૩૩૨૬૬
નીતીન બુરીચા — ૯૮૬૯૦૫૨૫૦૭
આશિષ શાહ — ૯૩૨૨૨૩૫૨૩૩
અલ્પેશ શાહ — ૯૮૨૦૨૧૨૮૧૬

**આયોજક : પરમ સુખ જીવન વિકાસ કેન્દ્ર, મુંબઈ.**

**Watch Arihant TV Channel Daily 8.30am & 11.30pm**

**Complete Live Telecast (full 9 days / 9 hours) on www.namojinanam.org**

# કચ્છી કવિતા – પ્રકાશ

સંકલન : નવિન પટેલ



ગત **'કચ્છી કવિતા – પ્રકાશ'** માં આપેલ **'પિરોલી'**ના જવાબો આવડ્યા કે ? પિરોલીનાં જવાબો આ મુજબ છે : **(૧) લઠ = લાકડી, (૨) મુંગ = મગ, (૩) મીઠો = નમક, (૪) વરસાદ આવતા રસ્તામાં રોકાયેલ પનિહારી પાણી ભરવા જતી હતી તેની વાત છે, (૫) ખાટલો, (૬) ઊંટ, (૭) મોબાઇલ ફોન (૮) સોનું, (૯) સાદડી / પ્રાર્થનાસભા (૧૦) બીડી, (૧૧) તાળો-ચાવી, (૧૨) સ્ટેથોસ્કોપ, (૧૩) ચલમ /ભુંગલી.** મજા આવીને !

તો ચાલો આજે પ્રકાશ પાડીએ કવિતાના એક જાણીતા અને ઘણાના માનીતા પ્રકાર પર જેનું નામ છે **ગઝલ.**

કચ્છી કવિઓએ **ગઝલ**માં પણ પોતાની કલમનો જાદુ દેખાડેલ છે. કચ્છ નામના બરછટ, દુકાળગ્રસ્ત પ્રદેશમાંથી આવી કમનીય તથા કલાત્મક ગઝલો નીકળે અને એ પણ કચ્છીમાં એને તો કચ્છી ભાષાની કમાલ જ કહી શકાય.

સૌ પ્રથમ માણીએ **કવિ માધવ જોષી 'અશ્ક'** ની એક ગઝલની કેટલીક પંક્તિઓને એમના પુસ્તક **'સમ્ભરે મૂકે સેણ'**માંથી.

**શરાફત**

**મેંમાણ અચે પાંજે ઘર તેં, ઘર સારે નેં સનમાન કજે !**
**હલી અચે ઘર વૅરી ભી, તેંજો ન કડેં અપમાન કજે !**
**બખ વીજણી ન બરૂકે કે, નિરબલ કે કડેં ન મારીજે !**
**વીચારે ને પગ ભરીજે, નેં બોલ કજે સે પારીજે !**
**સુખ મેં છિકી વેંણું ન કડેં, ડુખમેં મન હીણું ન કજે !**
**હિકડ઼ો સિજને બ પડ઼છાઈયાં, હીંયેં કે હંમેસા વસ રખજે !**

બીજી ગઝલ માણીએ જે **'ચિંગાર'**ના પ્રથમ અંકમાં કચ્છનાં કવિ **પબુ ગઢવી 'પુષ્પ'**નાં કલમે લખાયેલ છે જેમાં જીવનની કેટલીક સચ્ચાઈઓ કવિએ બખૂબી વર્ણવેલ છે.

**વટાનું**

**જિકી મું ગિડ઼ો આય જાની વટાનું,**
**ન મિલંધો કડે કોય ડાની વટાનું;**
**કડેં પેટજી ગાલ ચોણીં ન કેંકે,**
**સિખામણ મિલેતી ગિનાની વટાનું;**
**જીયણ મેં પ રુંગા, મયણ મેં પ રુંગા,**
**કુરો ફાયધો જિંધગાની વટાનું ?**
**બરી વ્યો ક બારે, કુલાતો પુછેં તું ?**
**સુણી ગિન સચી ગાલ વાની વટાનું;**
**મિણી લાલચેં કે છડી ડે છતાં પણ,**
**ભલા કીં છુટેં 'પુષ્પ' માની વટાનું !**

કવિ **સાંગો રબારી 'ગમગીન'** એ રચેલ રચનાઓએ કચ્છી સાહિત્ય જગતમાં એક મોટી આશા ઊભી કરેલ પરંતુ અનાયાસે જીવનની સફરમાં આ કવિ ક્યાં ખોવાઇ ગયા છે તેની ભાળ મળતી નથી. એમની એકાદ ગઝલ આપણે માણીએ.

**હીલા**

**હો સુકલ ખેતર ઉગલ ખીલા લિખો,**
**તોય ચર્યો શેઢા હુવા નીલા લિખો;**
**વા ભણલ વેંધલ ને રસ્તા પણ સખર,**
**તેં છતાં કીં ચાંતર્યાં ચીલા લિખો;**
**ઠેલિયું જાહેર મેં ઈન ચીજ જા,**
**ભો અચેં એકાંત મેં હીલા લિખો;**
**પાં મથે ઘોડ઼ો કરીંધા ઈ ડિસજ,**
**પિંઢ કરીંયેં સે મિડ઼ે લીલા લિખો;**
**મનસુરી પાંજો વિગેં એડ઼ા ખબર,**
**ઘર્ઘ હુંધા ભાંત-ભાંતીલા લિખો !**

**કવિ બિહારીલાલ અજાણી**ના પુસ્તક **'મન મોરચંગ'**માં કેટલીક ગઝલોનો સમાવેશ છે તેમાંની એક અત્રે પ્રસ્તુત છે.

**જિંદગી !**

**વરાંક એડ઼ા તાં વતાયતી જિંદગી !**
**માડૂ કે ઉભોડ઼ો નચાયતી જિંદગી !**
**તિડ઼કી-છાંયડી અચે જીયણમેં,**
**ખિલાય, રતે રુંગે રુરાયતી જિંદગી !**
**પાપી પેટલા પાંપરા, ઝિઝા પાં કરીયું,**
**કુડ઼ા કોલ-કરાર, કરાયતી જિંદગી !**
**છડી પિંઢજી, પારકે વિઓ ઘસજી,**
**જસ ન જોડ઼ા જ, ડેરાયતી જિંદગી !**
**સિખી ગિન જ ટાણે જ 'બિહારી' સિખેં ત,**
**સગપણ સચો સાર, સિખાયતી જિંદગી.**

છેલ્લે એકાદ-બે કવિઓના શેર જોઈએ. ઘણી વખત આવા શેર અને મુકતકો પણ ઘણું કહી જતા હોય છે.

**સોણા ઘણેં સિરી વ્યા અખતેં અચી અચી,**
**તકદીર જે ભરોસે છડી ભગા મૂકે.**
**– હિંમત પનિયા**

**ગામ ચેતો થિઈ ચર્યો રૂએ વિઠો,**
**પણ સચેં તોલા ખિલાતોં રાત ડીં**
**– જયંતિ ગોર 'જખ્મી'**

**(વધુ ગઝલો આવતા અંકે..)**




।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।।

# શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા



ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૨-૨૨૨૩૩૭
Email Id : kdonaliyamahajan@gmail.com

મુંબઈ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમેન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

## તા. ૧૪/૦૯/૨૦૧૪ ને રવીવારના સામુહીક ક્ષમાપના - સ્વામિવાત્સલ્ય - સ્નેહ મિલન માં પધારવા ભાવભર્યું આમંત્રણ

નલીયા તથા તેના વાડા છાદુરા, રામપર, વડસર અને સુખપર ગામના સર્વ જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો સહ પરિવાર... સહર્ષ જણાવવાનું કે પર્યુષણ મહાપર્વ બાદ મુંબઈ મધ્યે અવિશ્મરણીય સામુહીક ક્ષમાપના - સ્વામિવાત્સલ્ય - સ્નેહ મિલન નું ભવ્ય કાર્યક્રમ જેમાં ગુજરાતના સુપ્રસિધ્ધ કલાકાર શ્રી. અશ્વીનભાઈ જોષી (" માં-બાપ ને ભુલશો નહીં " ફેમ) ના સંગાથે મહાજન શ્રી દ્વારા તા. ૧૪/૦૯/૨૦૧૪ ને રવીવારે સવારે ૯:૩૦ થી... લાયન્સ કલબ કમ્યુનિટી હોલ, ગરોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ મધ્યે આયોજન કરેલ છે. જેમાં આપસૌ ગામવાસી જ્ઞાતિજનો તથા નિયાણી બહેનોએ સહપરિવાર પધારવા ભાવ ભર્યુ આમંત્રણ છે.

આ સ્નેહ મિલનમાં આપણાં ગામનાં તપસ્વીઓ, વિદ્યાર્થીઓ તેમજ વિરલ સિધ્ધીઓ પ્રાપ્ત કરનારાઓ નું બહુમાન કરવામાં આવશે. તપસ્વીઓ જેઓએ આઠ ઉપવાસ થી ઉપરની તપસ્યાઓ કરી હોય તેમનાં પોતાના નામો તથા વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૪ માં ઉત્તીર્ણ થયેલ હોય એ અને વિશેષ સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ વ્યક્તિઓ પોતાના નામો પ્રતિનિધિઓ પાસે લખાવવા નમ્ર વિનંતી છે.

**વીણાબેન નાગડા - ઘાટકોપર - મો. ૯૯૬૭૬૬૬૩૮૦ / નેહલ મોતા - ડોમ્બીવલી - મો. ૯૦૨૨૨૭૦૩૬૩ / નીલમબેન નાગડા - મુલુન્ડ - મો. ૯૮૩૩૮૪૮૪૦૩ / હીનાબેન લોડાયા - અંધેરી - મો. ૯૮૨૦૩૧૮૩૪૫ નો સંપર્ક કરી પોતાનાં નામો નોંધાવવા વિનંતી.**

વિદ્યાર્થીઓ એ પોતાની માર્કશીટની કોપી bhavnakhona@gmail.com પર Mail કરી શકેછે.

તપસ્વીઓ અને વિદ્યાર્થી ઓ પોતાનાં નામો તા. ૦૬/૦૯/૨૦૧૪ સુધીમાં લખાવાનાં રહેશે.

આ અનેરા પ્રસંગે જરૂરથી પધારવા ફરીથી આમંત્રિએ છીએ.
આપસૌના સાથ અને સહકારના અભિલાષી
લિ. શ્રી.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન - નલીયા
ટ્રસ્ટીગણ, ચાતુર્માસ સમીતી

---

।। શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ।।

## શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા

### વાર્ષિક સામાન્ય સભા

તા. ૩૧/૦૭/૨૦૧૪

**સર્વે નલીયાવાસીઓ અને તેના ગામના વાડાના સભ્યો.**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયાની એક વાર્ષીક સામાન્ય સભા તા. ૨૭/૦૮/૨૦૧૪ ને બુધવાર રાતના ૯:૦૦ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ ના એજન્ડા ઉપર કાર્યવાહી રહેશે.

-: કાર્યસુચિ :-

૧. ગત મીનીટસનું વાંચન અને બહાલી.
૨. વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪ નો વાર્ષિક અહેવાલ.
૩. વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪ ના વાર્ષિક ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી.
૪. વર્તમાન ટ્રસ્ટ બોર્ડની મુદત તા. ૩૧/૦૩/૨૦૧૫ ના પુર્ણ થાયછે તેની ચુંટણી પ્રક્રિયા બાબતે ચર્ચા-વિચારણા અને નિર્ણય.
૫. લાડણપુરા મકાનનું વેચાણ બાબતે ચર્ચા-વિચારણા.
૬. આવેલ પત્રોનું વાંચન.
૭. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વ સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી**

**ટ્રસ્ટીગણ**

**શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા**

---

।। જીવદયા પરમો ધર્મ ।।

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલિયા

### વાર્ષિક સામાન્ય સભા

તા. ૩૧/૦૭/૨૦૧૪

**સર્વે નલીયાવાસીઓ અને તેના ગામના વાડાના સભ્યો.**

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટની એક વાર્ષીક સામાન્ય સભા તા. ૨૭/૦૮/૨૦૧૪ ને બુધવાર રાતના ૮:૩૦ વાગ્યે નલીયામાં મહાજનશ્રીના વિવિધલક્ષી હોલમાં મળશે. જેમાં નીચે મુજબ ના એજન્ડા ઉપર કાર્યવાહી રહેશે.

-: કાર્યસુચિ :-

૧. ગત મીનીટસનું વાંચન અને બહાલી.
૨. પાંજરાપોળનો વાર્ષિક અહેવાલ.
૩. વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪ ના વાર્ષિક ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી.
૪. આવેલ પત્રોનું વાંચન.
૫. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ રજુ થાય તે.

**સર્વ સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી**

**ટ્રસ્ટીગણ**

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલિયા**

|| અહિંસા પરમો ધમ || || શ્રી ચંદ્રપ્રભુ સ્વામિયે નમઃ || || કરૂણા સર્વની કલયાણકારી ||



# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલિયા

## નલિયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦ ૬૫૫

**80 G(S) of I.T. Act 1961 No. JAM/TAK/I(b) 80G/32/04-05/2072**

ટ્રસ્ટ રજી. નં. E 1051 (કચ્છ)

મુંબઈ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

### શ્રી આવક-જાવક ખાતું (તા. ૦૧/૦૪/૨૦૧૩ થી ૩૧/૦૩/૨૦૧૪)

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૯૦૦૦૦.૦૦ | શ્રી BSNL ટાવર ભાડું | ૩૩૨૮૧.૦૦ | શ્રી રીપેરીંગ ખર્ચ |
| ૫૨૭૩૪૮.૦૦ | શ્રી બેંક વ્યાજ S/B તથા F/D | ૮૪૪૨.૦૦ | શ્રી વીમા પ્રીમીયમ ખર્ચ |
| ૧૫૦.૦૦ | શ્રી શેર ડીવીડંટ | ૩૬૮૬૪૧.૦૦ | શ્રી વહીવટી ખર્ચ (સ્ટેટમેન્ટ) |
| ૧૬૬૯૫૭૬.૦૦ | શ્રી ભેટ આવક (સ્ટેટમન્ટ) મુજબ | ૧૨૩૬૦.૦૦ | શ્રી ઓડીટ ફીસ ખર્ચ |
| ૩૪૯૫૩.૦૦ | શ્રી ઢોડ વેંચાણ | ૧૭૫૮૨.૦૦ | શ્રી ચેરીટી કમીશનર ફાળો |
| ૭૧૭૫૦.૦૦ | શ્રી ખાતર વેંચાણ | ૧૦૭૯૩.૬૮ | શ્રી પરચુરણ ખર્ચ |
| ૨૭૯૧૮૪.૦૦ | શ્રી દૂધ વેંચાણ | ૩૦૧૧૯.૧૫ | શ્રી ઘસારા ખર્ચ |
| ૧૭૪૨૮.૦૦ | શ્રી પરચુરણ આવક | ૧૧૯૭૭૦.૦૦ | શ્રી ખેતીવાડી ખર્ચ |
| ૧૧૦૦૦.૦૦ | શ્રી ખેતી વાડી પેદાસ આવક | ૨૪૨૩૮૩૨.૩૨ | શ્રી પાંજરાપોળ રનીંગ ખર્ચ (સ્ટેટમેન્ટ મુજબ) |
| ૩૨૩૪૩૨.૧૫ | શ્રી આવક થી ખર્ચ વધારો (નુકશાની) | | |
| **૩૦૨૪૮૨૧.૧૫** | | **૩૦૨૪૮૨૧.૧૫** | |

### તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધીનું પાકું સરવૈયું

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૨૧૦૭૯૨.૨૨ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૨૩૬૪૬૩.૦૦ | શ્રી સ્થાવર મિલ્કત |
| ૮૭૬૫૯૪૧.૭૩ | શ્રી કાયમી ધાસચારા તીથી ફંડ<br>૮૦૭૧૪૮૯.૭૩ વર્ષના જમા<br>૬૯૪૪૫૨.૦૦ આ વર્ષની આવક<br>૮૭૬૫૯૪.૭૩ ટોટલ | ૧૩૬૪૦.૦૦ | શ્રી ફર્નીચર ખાતે |
| | | ૧૩૨૦૦.૦૦ | શ્રી હીરો હોન્ડા મોટરસાઈકલ ખાતે |
| | | ૧૦૦૪૨૫૦.૦૦ | શ્રી ડાંઢર વતરા / ખાણ (સ્ટોક) |
| | | ૭૮૭૯.૮૩ | શ્રી પાંજરાપોળ વટાંતર |
| | | ૪૪૪૦.૦૦ | શ્રી G E B મીટર ડીપોઝીટ |
| | | ૫૦૯૫૯૪૮.૦૦ | શ્રી દેના બેંક F D R નલીયા |
| | | ૬૦૦૦૦૦.૦૦ | શ્રી અરીહંત બેંક F D R મુંબઈ |
| | | ૨૫૦૭૦૬.૫૫ | શ્રી વ્યાજ વસુલાત બાકી |
| | | ૨૩૩૦૬૨.૦૩ | શ્રી દેના બેંક મુંબઈ S/B ખાતું |
| | | ૨૨૭૯૬.૭૮ | શ્રી દેના બેંક નલીયા S/B ખાતું |
| | | ૫૫૮૧૮.૫૦ | શ્રી S B I મુંબઈ S/B ખાતું |
| | | ૧૨૫૦.૦૦ | શ્રી અરીહંત બેંક મુંબઈ S/B ખાતું |
| | | ૬૯૨૭૦.૦૦ | શ્રી રોકડ હાથમાં નલીયા/મુંબઈ |
| | | ૧૩૬૮૦૦૯.૨૬ | શ્રી પાંજરાપોળ/આવક/જાવક ખાતું<br>૧૦૪૪૫૭૭.૧૧ ગત વર્ષની નુકશાની<br>૩૨૩૪૩૨.૧૫ ચાલુ વર્ષની નુકશાની<br>૧૩૬૮૦૦૯.૨૬ ટોટલ નુકશાની |
| **૮૯૭૬૭૩૩.૯૫** | | **૮૯૭૬૭૩૩.૯૫** | |

**ઓડીટર્સ : ખીમજી કુંવરજી ની કું (ગાંધીધામ) તા. ૨૨/૦૭/૨૦૧૪**

નોંધ : તા. ૨૭/૦૮/૨૦૧૪ ના વાર્ષિક સામાન્ય સભા નલીયા મધે રાખેલ છે. સર્વે ભાઈ-બહેનોને પધારવા વિનંતી. હિસાબ બાબત કોઈને પણ પૂછવું હોય તો ૨૬/૦૮/૨૦૧૪ સુધી લેખીત જાણ નલીયા ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે જવાબ આપવા સરળતા રહે.

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલીયા વતી (ટ્રસ્ટીગણ)**



।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।। ટ્રસ્ટ રજી. નં. E 564 (કચ્છ)

# શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા


ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૨-૨૨૨૩૩૭

Email Id : kdonaliyamahajan@gmail.com

